**ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના મહેકમ પરની સિનીયર સ્ટાફ ઓફીસર, વર્ગ-૧ ની એક હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૧૬૫૨/ફ.**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧/૧૦/૨૦૧૫.

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૩૧/૮/૨૦૦૯ નો સરખા ક્રમાંકનો ઠરાવ..

(૨) ગૃહ વિભાગના તા.૯/૧૨/૨૦૧૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૧૧/૯/૨૦૧૫ પત્ર ક્રમાંકઃ-કજ/મકમ/૭૪૨(૩)/૨૩૩૮/૨૦૧૫.

**ઠ રા વઃ-**

ગૃહ વિભાગના તા.૩૧/૮/૨૦૦૯ ના સરખા ક્રમાંકના ઠરાવથી ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના મહેકમ પર સિનીયર સ્ટાફ ઓફીસર, વર્ગ-૧ (પગાર ધોરણ ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે-૫૪૦૦/-) ની ૦૧ (એક) હંગામી જગ્યા ઉભી કરવામાં આવેલ હતી. પ્રસ્તુત હંગામી જગ્યાને નાણાં વિભાગની સ્થાયી સુચનાઓ તેમજ મંજુરી અન્વયે વખતોવખત લંબાવવામાં આવેલ છે. છેલ્લે ઉકત ક્રમાંક(૨) ના ઠરાવથી આ જગ્યાને તા.૨૯/૨/૨૦૧૬ સુધી હંગામી જગ્યા તરીકે લંબાવવામાં આવેલ છે. સિનીયર સ્ટાફ ઓફીસર, વર્ગ-૧ ની જગ્યા ઘણા વર્ષોથી હંગામી જગ્યા તરીકે લંબાવવામાં આવતી હોવાથી તેમજ ભરાયેલ હોઇ, ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદની ઉકત ક્રમાંક (૩) માં દર્શાવેલ પત્ર અન્વયે કાયમી જગ્યામાં રૂપાંતર કરવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના મહેકમ પરની સિનીયર સ્ટાફ ઓફીસર, વર્ગ-૧ (પગાર ધોરણ ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે-૫૪૦૦/-) ની ૦૧ (એક) હંગામી જગ્યા ઘણા સમયથી ભરાયેલ હોય તથા જગ્યાની જરૂરીયાત અને અગત્યતાને ધ્યાને લઈ આ હંગામી જગ્યાને નીચેની શરતોને આધીન કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

**શ ર તોઃ-**

(૧) આ અંગે થનાર ખર્ચ માંગણી ક્રમાંક ૪૬ મુખ્ય સદર ૨૦૭૦ અન્ય વહીવટી સેવાઓ, ગૌણસદર-૧૦૭ ગૃહરક્ષક દળ, પેટાસદર-૦૧ હેઠળ જે તે વર્ષના અંદાજપત્રમાં મંજુર થનાર અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

(૨) આ અંગે થનાર ખર્ચ પેટે ૨૫ % રકમ કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી(ગૃહ) ની તા.૨૪/૯/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

૧. ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
૪. નાણાં સલાહકારશ્રી, (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. શાખા સિલેકટ ફાઇલ.